# પ્રેસનોટ

## લિંબાયત ઝોનમાં કોર્મર્શીયલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં અવિરત ચાલી રહેલી વેરા વસુલાત ઝુંબેશ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઇ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વિભાગના સેકશન ઓફિસરશ્રી પી. એમ. દેસાઇના સંકલન હેઠળ આકારણી વિભાગના સુપરવાઇઝરશ્રી તથા સ્ટાફ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૪ અને તા.૦૧/૦૨/૨૦૨૪ ના રોજ નવાગામ ડિંડોલી , ઉધનાયાર્ડ ગોવિંદ નગર, ઉમરવાડા માન દરવાજા વિસ્તારમાં આવેલ **કોર્મર્શીયલ ઈન્ડસ્ટ્રીયલ** મિલ્કતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં **૧૦૮** મિલ્કતોને ટાંચમાં લઇ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **રૂ.૬૪,૩૫,૯૫૦/-** રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા ૦૨ દિવસમાં કુલ **રૂ.૧,૪૪,૭૭,૦૦૦/-** થી વધુ રકમની વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૦૧/૦૨/૨૦૨૪ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ **૨૭૮.૨૬ કરોડ** ડિમાન્ડની સામે **કુલ ૧૮૯.૫૨ કરોડ**, **૬૮.૧૧%** ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નંબર .૫૦૮**
**તા.૦૧/૦૨/૨૦૨૪**